**<u>રાજકોટના મહેરબાન ૧૫ મા એડી. સીનીયર સીવીલ જજ તથા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું. રાજકોટ.</u>**

ક્રિમી.કેસ નં.૭૧૬૧/૨૦૨૪
આંકઃ–

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઃ– અમીત કમલેશભાઈ ઓળકીયા

ગુનોઃ– પ્રોહી.એકટની કલમ ૬૬(૧)બી મુજબ

**<u>ઠરાવઃ–</u>**

૧. આરોપી વિરુધ્ધ પોલીસ એવા આક્ષેપ સાથેનું ચાર્જશીટ રજુ કરેલ છે કે,આરોપી **તા.૦૭/૧૧/૨૦૨૩** ના રોજ પોતાની પાસે ગે.કા.પરમીટ કે આધાર વગર દારુ પી મળી આવેલ છે. જે મતલબની ફરીયાદીએ ભકિતનગર પો.સ્ટે.ને ફરીયાદ નોંધાવતા પ્રોહી. **ગુન્હા રજી.નં. ૧૧૨૦૮૦૫૨૨૩૦૭૨૩/૨૦૨૩** થી ૬૬(૧)બી, મુજબ રજસ્ટર કરી સદર ગુન્હાની ત.ક.અમલદારના એ પોલીસ તપાસ પુરી થયા બાદ ઉપરોક્ત ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ.સદર કામે આરોપી હાજર થયાબાદ આ કામે આરોપી સામેથી તહોમતનામુ ઘડેલ અને આંકઃ ...... થી પ્લી લેતા આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ તેમજ આંકઃ ..... થી પુરસીસ આપી આરોપીએ ગુન્હો કબુલ કરેલ અને ગુના કબુલાતની પુરસીસ આપી જણાવે છે કે આરોપી ગરીબ મધ્યમવર્ગનો માણસ છે.પોતે ઘરમાં એક જ કમાવનાર માણસ છે.કુટુંબની સંપુર્ણ જવાબદારી પોતાના ઉપર છે.

આ કામે આરોપીની રજુઆત ધ્યાને લઈ તેમજ આરોપી સામે ગુન્હાનો આક્ષેપ ધ્યાને લઈ આરોપીએ અત્રેની કોર્ટ સમક્ષ ગુનો કબુલ કરી થયેલ ગુના બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે આ કામે આરોપીની રજુઆત તથા આરોપની પરીસ્થિતિ વિગેરે ધ્યાને લેતાં તેમજ આરોપીને સજા કરી જેલમાં મોકલતાં ભવિષ્ય અંધકારમય થાય તેમ અત્રેની કોર્ટનુ માનવુ છે તેમજ આરોપીના કુટુંબ

ઉપર તેની વિપરીત અસર પડે તેમ અત્રેની કોરટનું માનવુ છે વધુમા આ કામે નામ.ગુજરાત હાઈકોર્ટના State Of Gujarat V/S Natwar Harchandji Thakor,(2005) 1 GLR 709 માં ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં તથા આરોપીની પરિસ્થિતિ તથા રજુઆત ધ્યાને લેતા આરોપી તેમજ કેસના સંજોગો તથા ગંભીરતા ધ્યાને લઈ આ કામે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુકમઃ–**

આરોપીને ક્રી.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે આરોપી **અમીત કમલેશભાઈ ઓળકીયા** ના ને પ્રોહી.એકટની કલમઃ– ૬૬(૧)બી ના ગુન્હાના કામે તકસીરવાના ઠરાવીને આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂ૦ ૧૦૦/–** (અંકેઃ– એક સો પુરા) દંડ,નો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ના ભરે તો દીનઃ–૫ ની સાદી કેદની સજા ભોગવવીનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદામાલ અંગે જો વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા મુદામાલ અંગે તેની માલીકીની ખરાઈ કરી મૂળ માલીકને મુદામાલ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તા.૧૪/૧૨/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૪/૧૨/૨૦૨૪

(મોહંમદ સઈદ મહેમુદમીયા શેખ)
૧૫ મા એડી. સીનીયર સીવીલ જજ
તથા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,રાજકોટ.
UIC No. GJ01200